# ગુજરાતના મહેલો (Gujarat – Palace)

| ક્રમ | મહેલનું નામ | સ્થળ | વિશેષતા |
|---|---|---|---|
| ૧ | મોતીશાહી મહેલ | અમદાવાદ | ➢ આ મહેલ શાહીબાગ વિસ્તારમાં આવેલ છે અને તેનું ઈ.સ. 1618 થી 1622 માં શાહજહાં દ્વારા નિર્માણ પામેલ છે.<br>➢ ઇ.સ. 1835 માં બ્રિટિશ ઇજનેર વિલિયમ્સે બગીચાઓને નવો ઓપ આપ્યો છે.<br>➢ નોબલ પુરસ્કાર વિજેતા રવિન્દ્રનાથ ટાગોર 17-18 વર્ષની વયે લગભગ 6 માસ આ મહેલમાં રહ્યા હતા. કારણકે તેમના મોટાભાઇ સત્યેન્દ્રનાથ ટાગોર એક આઇએએસ અધિકારી હતા. અને આ મહેલ તે સમયે સરકારી અધિકારીઓનો વસવાટ હતો.<br>➢ 1947 પછી ભારત સરકારના પુરાતત્વ ખાતાએ આ ઇમારતને રક્ષિત વિસ્તાર જાહેર કરી છે.<br>➢ ઇ.સ. 1975માં ગુજરાતના મુખ્યમંત્રી બાબુભાઇ જશભાઈ પટેલે સરદાર પટેલ જન્મ શતાબ્દીની સ્મૃતિમાં આ મ્હેલનું નામ બદલીને ‘ સરદાર વલ્લભભાઇ પટેલ રાષ્ટ્રીય સ્મારક’ કર્યું હતું.<br>➢ આ સ્મારક માં સરદાર પટેલના સ્મૃતિ ચિહ્નો તથા તેમના જીવન અને કાર્યોની નોંધનો સંપૂર્ણ ઇતિહાસ આ સંગ્રહાલયમાં સાચવવામાં આવ્યો છે. |
| ૨ | નજરબાગ મહેલ | વડોદરા | ➢ આ મહેલનું નિર્માણ મલ્હારરાવ ગાયકવાડે 19મી સદીમાં કર્યું હતું. આજે તે શાહી પરિવારના વારસદારોનું નિવાસસ્થાન છે.<br>➢ |
| 3 | મકરપુરા પેલેસ | વડોદરા | ➢ આ પેલેસનું નિર્માણ ઈ.સ. 1870માં મહારાજા ખંડેરાવ ગાયકવાડ દ્વારા કરવામાં આવેલ છે.<br>➢ આ મહેલનું જીર્ણોધ્ધાર મહારાજારાવ ગાયકવાડ ત્રીજાએ કરાવ્યુ હતું.<br>➢ આ પેલેસમાં ઇટાલિયન શૈલીનો પ્રભાવ જોવા મળે છે.<br>➢ હાલમાં આ મહેલમાં ભારતીય વાયુસેનાના તાલીમ વર્ગો ચાલે છે. |
| ૪ | લક્ષ્મી વિલાસ પેલેસ | વડોદરા | ➢ આ પેલેસનું નિર્માણ ઈ.સ. 1890માં મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ કર્યું હતું. જેના આર્કિટેક મેજર ચાર્લ્સ મન્ટ હતા.<br>➢ આ મહેલ વડોદરાના રાજવી ગાયકવાડો (શાહી પરિવાર)નું નિવાસ સ્થાન હતું જે કોતરણી કામ અને સ્થાપત્યનો એક |

gnanbhandar.com

| | | | |
|---|---|---|---|
| | | | અદ્દભુત નમૂનો છે.<br>➢ પેલેસના ફલોરમાં વેનેશિયન શૈલી અને દીવાલો અને બારીઓ બેલ્જીયમ શૈલી જોવા મળે છે. |
| ૫ | પ્રતાપ વિલાસ પેલેસ | વડોદરા | ➢ આ પેલેસની સ્થાપના 1914માં થઇ હતી.<br>➢ 31 ઓગસ્ટ 1952થી પ્રતાપ વિલાસ પેલેસમાં રૂપાંતરિત કરવામાં આવેલ છે. આ પેલેસમાં ધી નેશનલ એકેડમી ઓફ ઇન્ડીયન રેલ્વેની ઈમારત છે. |
| ૬ | લાખોટા મહેલ | જામનગર | ➢ ઈ.સ. 1846માં જામ રણમલજી દ્વારા દુષ્કાળ રાહત માટે નિર્માણ કરેલ છે.<br>➢ આ મહેલમાં ઈરાનીયનશૈલીનો પ્રભાવ જોવા મળે છે.<br>➢ |
| ૭ | પ્રતાપ વિલાસ મહેલ | જામનગર | ➢ આ પેલેસઈ.સ. 1914માં જામ રણજીતસિંહજી એ યુરોપિયન શૈલીમાં તથા ભારતીય કોતરણીમાં નિર્માણ કરેલ છે.<br>➢ અહીના પ્રવેશદ્વારો બે વાઘોના શિલ્પ સાથે શણગારવામાં આવ્યા છે. ઇ.સ. 1968માં જામસિંહ દ્વારા નેચરપાર્કમાં રૂપાંતરિત કરવામાં આવ્યો છે.<br>➢ હાલમાં આ મહેલ ભારતીય રેલવેના કર્મચારીઓનું નિવાસસ્થાન છે. |
| ૯ | વિજય વિલાસ પેલેસ | માંડવી | ➢ કચ્છ જીલ્લાના માંડવી નજીક રૂકમણી નદીને કિનારે આવેલો છે. પાલીતાણાના યુવરાજ વિજયસિંહે 1920માં જયપુરના કારીગરો દ્વારા કરવામાં આવેલ છે.<br>➢ આ મહેલનું બાંધકામ જયપુરના કારીગરો દ્વારા કરવામાં આવ્યું છે. તેથી તેમાં રાજપૂત સ્થાપત્ય કળાની ઝાંખી જોવા મળે છે.<br>➢ આ પેલેસમાં આમિરખાનની ફિલ્મ ' લગાન' અને સંજય ભણસાળીની ફિલ્મ ' હમ દિલ કે ચૂકે સનમ' ફિલ્મનું શૂટિંગ થયેલું છે. |
| ૧૦ | હવા મહેલ | વઢવાણ (સુરેન્દ્રનગર જિલ્લો) | ➢ આ મહેલ વઢવાણના શાસકોએ બંધાવ્યો હોય તેમ માનવામાં આવે છે પરંતુ તે અધૂરો મહેલ છે.<br>➢ હિંદુ અને જૈન મંદિરોના નિર્માણ માટે આ મહેલની પ્રેરણા લેવામાં આવે છે. |
| ૧૧ | બાલ વિલાસ પેલેસ | વઢવાણ (સુરેન્દ્રનગર | ➢ આ મહેલનું નિર્માણ 19મી સદીમાં એચ.એચ.બાલસિંહજી દ્વારા કરવામાં આવ્યું હતું. આ મહેલમાં વિન્ટેજ કાર અને ઓટોમોબાઇલને લગતી પુસ્તકોનો સંગ્રહ છે.<br>➢ આ મહેલના દરબાર હોલને સુંદર ચિત્રો અને રાજસી શૈલીમાં સજાવવામાં આવ્યો છે. |

gnanbhandar.com

| | | | |
|---|---|---|---|
| | | જિલ્લો) | ➢ અહી વિન્ટેજ કારો અને ઓટોમોબાઇલને લગતા પુસ્તકોનો સંગ્રહાલય પણ છે. |
| ૧૨ | આયના મહેલ | ભુજ (કચ્છ જિલ્લો) | ➢ ઈ.સ.1761માં મહારાજા રાવ લખપતજી દ્વારા નિર્માણ કરવામાં આવેલ છે. અને આ મહેલના મુખ્ય સ્થપતિ રામસંગ માલમ હતા. રમસંગ માલમ 17 વર્ષ સુધી યુરોપમાં રહ્યા હોવાથી તેમના પર યુરોપિય સ્થાપત્ય કળાની અસર વધુ હતી.<br>➢ અહી વિવિધ પ્રકારના ફુવારા પણ આવેલા છે. આ મહેલ ઇ.સ. 1977માં આને મદનજી સંગ્રહાલયમાં રૂપાંતરિત કરવામાં આવ્યો છે. |
| ૧૩ | પ્રાગ મહેલ | ભુજ (કચ્છ જિલ્લો) | ➢ ઈ.સ. 1838માં રાવ પ્રાગમલજી બીજાએ બંધાવ્યો છે. તેના આર્કિટેક કર્નલ હેનરી સંત વિલ્કિનસ હતા.<br>➢ આ મહેલ ઇટાલિયન ઈજનેરી કલાકારો દ્વારા બનાવવામાં આવ્યો હતો અને તે સમયે તેના નિર્માણમાં 31 લાખ રૂપિયા ખર્ચ થયો હતો.<br>➢ આ પેલેસમાં ‘ લગાન’ ફિલ્મનું શૂટિંગ પણ થયેલ છે. આ મહેલની એક ખાસિયત એ રહે કે તેના 45 ફૂટ ઊંચા ટાવર પરથી આખું ભુજ શહેર જોઈ શકાય છે. |
| ૧૪ | કુસુમ વિલાસ મહેલ | છોટા ઉદેપુર (છોટા ઉદેપુરજિલ્લો) | ➢ ઈ.સ. 1920માં પ્રસિદ્ધ વાસ્તુકાર ભટકર એન્ડ ભટકર દ્વારા નિર્માણ કરવામાં આવ્યો છે.<br>➢ આ મહેલ યુરોપીય સ્થાપત્યકલાનું ઉત્તમ ઉદાહરણ છે.<br>➢ કુસુમ વિલાસ મહેલ ગુજરાતનાં સમૃધ્ધ સ્થાપત્યની ઝાંખી તેના પાંચ દરવાજા સાથેના ડોમથી કરાવે છે. અહી જુદા જુદા પ્રકાશ માધ્યમો દ્વારા પથ્થર પરની કોતરણીથી જાદુઇ છાપ બનાવવામાં આવી છે જે 12મી સદીના સ્થાપત્યની યાદ અપાવે છે. |
| ૧૫ | પ્રેમભવન પેલેસ | છોટા ઉદેપુર (છોટા ઉદેપુરજિલ્લો) | ➢ પ્રેમભવન પેલેસ એ કુસુમ વિલાસ પેલેસ પાસે આવેલ છે. જે હાલમાં એક હેરિટેજ હોટલ છે.<br>➢ આ મહેલ 18 એકરમાં ફેલાયેલ છે. હેરિટેજ હોટલમાં રૂપાંતરિક આમહેલમાં અદ્દભૂત ખોરાક, અતિથિ સત્કાર અને આધુનિક સેવાઓ પૂરી પાડવામાં આવે છે.<br>➢ આ મહેલના સ્થાપત્યો અદ્દભુત છે. |
| ૧૬ | રણજીત વિલાસ પેલેસ | વાંકાનેર (રાજકોટ) | ➢ આ પેલેસનું નિર્માણ ઈ.સ. 1900માં અમરસિંહજી દ્વારા કરવામાં આવેલ છે.<br>➢ અમરસિંહજીએ પોતાના મિત્ર જામનગરના શાસક જામરણજીતસિંહના નામ પરથી રાખ્યું છે.<br>➢ આ અમહેલનું નિર્માણ એવિ રીતે કરવામાં આવ્યું છે કે મહેલના ગલીયારોમાં શાહી સ્ત્રીઓ પુરુષોના નજરમાં ન આવી શકે અને તે રીતે ઉપર ચઢી શકે.આ મહેલમાં સ્થાપત્યમાં ડચ, ઇટાલિયન અને યૂરોપિયન શૈલીનો પ્રભાવ જોવા મળે |

gnanbhandar.com

| | | | |
|---|---|---|---|
| | | | છે.<br>➢ આ મહેલમાં 14 કાઠિયાવાડી ઘોડા પણ રાખવામાં આવેલા છે. ઉપરાંત ઇટાલિયન શૈલીના ફુવારા પણ અહી આવેલા છે.<br>➢ સાત ઘડિયાળ ટાવર મુઘળો ડ્રોમ દ્વારા અને તેમાં પાંચ સૌથી ઊંચા ટાવર બનાવીને તેને ષટ્કોણ આકાર આપવામાં આવ્યો છે જે છત્રીનું ચિત્ર ઉપસાવી આવે છે.<br>➢ આ મહેલનું નિર્માણ ટેકરી ઉપર કરવામાં આવેલ હોવાથી સંપૂર્ણ વાંકાનેર શહેર જોઈ શકાય છે. |
| ૧૭ | દિગ્વીર નિવાસ પેલેસ | વાંસદા (નવસારી જિલ્લો) | ➢ આ પેલેસ 20મી સદીમાં કાવેરી નદીના કિનારે બાંધવામાં આવ્યો હતો.<br>➢ આ પેલેસનું નિર્માણ ઈ.સ. 1781માં મહારાવલ વીરસિંહે કરાવ્યું હતું.<br>➢ આ મહેલમાં બ્રિટીશ, ફ્રાંસ અને યુરોપિયન શૈલીનો પ્રભાવ જોવા મળે છે. |
| ૧૯ | નવલખા પેલેસ | ગોંડલ (રાજકોટ જિલ્લો) | ➢ આ મહેલની સ્થાપના 17મી સદીમાં થઇ હતી. તે રાજકોટના ગોંડલ ખાતે ગોંડલી નદીના કિનારે આવેલો છે. આ મહેલમાં સર ભગવતસિંહજીને મળેલી ભેટ સોગાદો અને લખાણો મુકવામાં આવેલા છે.<br>➢ આ મહેલ નવલખા દરબારગઢ તરીકે પણ પ્રખ્યાત છે. આ મહેલનો પ્રવેશદ્વાર એક ઘડિયાળ ટાવર છે. |
| ૨૦ | ધ ઓરચાર્ડ પેલેસ | ગોંડલ (રાજકોટ જિલ્લો) | ➢ આ મહેલ ગોંડલના મહારાજનું મુખ્ય નિવાસસ્થાન છે તેને હાલમાં હેરીટેજ હોટલમાં રૂપાંતરિત કરી દેવામાં આવ્યો છે.<br>➢ આ મહેલના રૂમો ભવ્ય, ઊંચી છતવાળા, સુંદર સાજ-સજાવટ વાળા અને એંટીક ચીજોથી ભરેલા છે. તે કોનિયન શૈલીથી બનાવવામાં આવેલા છે. |
| | રિવર સાઈડ પેલેસ | ગોંડલ (રાજકોટ જિલ્લો) | ➢ ગોંડલી નદીને કિનારે ઈ.સ. 1800માં બનાવવામાં આવ્યો છે. અને તેને હેરીટેજ હોટલમાં રૂપાંતર કરી દેવામાં આવ્યો છે. |
| ૨૧ | નિલમબાગ ભવન | ભાવનગર | ➢ આ પેલેસનું નિર્માણ ઈ.સ.1879માં ભાવનગરના મહારાજા તખ્તસિંહજી દ્વારા કરવામાં આવ્યું હતું.<br>➢ આ મહેલ વર્ષ 1984માં વીરભદ્રસિંહજી દ્વારા હોટલમાં રૂપાંતરિત કરવામાં આવેલ છે. |
| ૨૨ | નવાબનો મહેલ | ચોરવાડ | ➢ આ મહેલ જુનાગઢનો છેલ્લો નવાબ મહોબતખાને બંધાવ્યો હતો. આજે તે લોકો સમર પેલેસ તરીકે ઓળખાય છે. |
| ૨૩ | બાલારામ પેલેસ | પાલનપુર | ➢ બનાસકાંઠા જીલ્લાનાના ચિત્રાસણી ગામમાં બાલારામ નદીને કિનારે આવેલો છે. આ મહેલ હાલમાં હોટલમાં રૂપાંતરિત થયેલ છે.<br>➢ આ પેલેસનું બાંધકામ ઈ.સ. 1922 થી 1936માં પાલનપુરના 29મા નવાબ તાલે મહમંદ ખાને કરાવ્યું હતું. |

gknbhandar.com

| | | | |
|---|---|---|---|
| ૨૪ | રાણકદેવીનો મહેલ | જૂનાગઢ | ➢ રાણકદેવીનો મહેલ લગ્નમંડપ તરીકે ઓળખાય છે. સ્થાપત્યકલાનો ઉત્તમ નમૂનો છે. |
| | મણી મહેલ | મોરબી | ➢ 1935માં મોરબીના મહારાજા વાઘજી ઠાકોરે બનાવ્યો હતો. |
| ૨૫ | ખંભાળાનો મહેલ | પોરબંદર | ➢ |
| ૨૬ | કવિ કલાપીનો મહેલ | લાઠી (અમરેલી જિલ્લો) | ➢ આ મહેલ અમરેલી જિલ્લાના ગુજરાતી કવિ કલાપીની જન્મભૂમિ લાઠીમાં આવેલ છે. |
| ૨૭ | આર્ટ ડેકો પેલેસ | મોરબી | ➢ આ મહેલઅંગ્રેજોએ બંધાવ્યો હોવાનું મનાય છે. આ મહેલમાં ગુજરાતમાં યુરોપીય પ્રભાવનું ઉત્તમ ઉદાહરણ માનવામાં આવે છે. અને તે ગ્રેનાઇટથી બનાવેલ છે.<br>➢ આ મહેલ લંડનના અંડરગ્રાઉન્ડ સ્ટેશન અને ચાર્લ્સ હોલ્ટન સ્ટેશનની યાદ અપાવે છે. |
| ૨૮ | દોલત નિવાસ પેલેસ | ઇડર (સાબરકાંઠા જિલ્લો) | ➢ આ મહેલ મહારાજા દોલતસિંહે બંધાવ્યો છે તેને લાવાદુર્ગ પણ કહેવામાં આવે છે. અને તેનો અમુક ભાગ મહારાષ્ટ્રમાં આવેલો છે.<br>➢ આ મહેલ ઊંચાઈ પર આવેલ હોવાથી ત્યાં સુધી પહોંચવા માટે 700 પગથિયાં ચડવા પડે છે. મહેલની બારીઓ, ગલિયારાઓ, સ્થાપત્યો, દિવાલોની કોતરણી તેની સુંદરતામાં વધારો કરે છે. |

gnanbhandar.com